પોલીસ ઇન્સ્પેકટરની કચેરી

નારોલ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

ફોનનં-૦૭૯-૨૫૭૧૦૦૭૪E-polstn-narol-ahd @gujarat.gov.in

પોલીસ કંટ્રોલરૂમ ટેલીફોન નંબર - ૦૭૯-૨૫૬૨૭૫૧૦


---

# પ્રેસ નોટ

## *** નારોલ પોલીસ સ્ટેશન ***

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તેમજ સયુંકત પોલીસ કમિ. શ્રી સેકટર-૨ સા. શ્રી તેમજ ના.પો.કમિ.શ્રી, ઝોન-૬ સા. તેમજ ઇ.મ.પો.કમિ.શ્રી “કે” ડીવીઝન અમદાવાદ શહેર શ્રી નાઓની સુચના અને માર્ગદર્શન આધારે નારોલ પો.સ્ટે પોલીસ ઇન્સપેકટર આર.એ.જાદવ સાહેબ નાઓએ નારોલ પો.સ્ટે ફર્સ્ટ ગુ.ર.નં.૧૪૬/૧૯ ધી ઈ.પી.કો. કલમ.૩૭૬,૩૭૬(૨)એન તથા પોકસો એકટ કલમ.૨૦૧૨ ની કલમ.૩,૪,૫(એલ),૭,૮,૯(એલ) મુજબ તથા રાજસ્થાન કુશલગઢ પો.સ્ટે ફર્સ્ટ ગુ.ર.નં.૩૧૨/૧૯ ધી ઈ.પી.કો કલમ.૩૬૩,૩૬૬,૩૭૬,૩૯૨ તથા પોકસો એકટ કલમ.૫ એફ તથા ૬ મુજબ ના બંને ગુનામાં નાસતો ફરતો આરોપી ભુરસિંગ લાલસિંગ દેવદા (ભીલ) હાલ રહે. નંદન ડેનીયમ પ્રા.લી.કંપનીના પાવર પ્લાન્ટના પાછળના ભાગે ગેટ નં.૬ ના બહાર ભાગે આવેલ કાચા છાપરા સૈજપુર ગોપાલપુર પીપળજ પીરાણા રોડ અમદાવાદ મુળ વતન ગામ વાગોલ થાના કુશલગઢ રાજસ્થાન નાને પકડી પાડવા સારૂ રાજસ્થાન કુશલગઢ પોલીસ સ્ટેશન ના S.H.O.શ્રી હનુમંતસિંહ નાઓ પાસેથી આરોપીનો મોબાઈલ નંબર મેળવી તેનુ તાત્કાલીક લોકેશન મંગાવતા સદરી આરોપીનુ લોકેશન ભરૂચ દહેજ પો.સ્ટે વિસ્તારનુ આવતા પોલીસ ઈન્સપેકટર આર.એ.જાદવ સાહેબ નાઓએ ભરૂચ દહેજ પો.સ્ટે.ના પોલીસ ઈન્સપેકટરશ્રી જે.એન.ઝાલા સાહેબ નાઓને ટેલિફોનીક સંપર્ક કરી આરોપીના લોકેશન અંગે માહીતગાર કરતા ભરૂચ દહેજ પો.સ્ટે.ના પો.ઈન્સ.શ્રી જે.એન.ઝાલા સાહેબ તથા પો.સ.ઈ. આર.એસ.રાજપુત તથા તેમના સ્ટાફના માણસોએ બે થી ત્રણ કલાકમાં સદરી આરોપીને મોબાઈલફોન લોકેશન આધારે પકડી Cr.P.C કલમ.૪૧(૧)(આઈ) મુજબ કાયદેસરની કાર્યવાહી કરી અત્રે જાણ કરતા સદરી આરોપીનો કબ્જો મેળવવા સારૂ સ્ટાફના માણસો ભરૂચ દહેજ પો.સ્ટે ખાતે મોકલી આપતા આરોપીનો કબ્જો મેળવી અત્રે નારોલ પોલીસ સ્ટેશન લાવતા સદરી આરોપીની ગુના સબંધે પુછપરછ કરતા ગુનાની હકિકતનો એકરાર કરતા અટક કરી જયુડીશીયલ કસ્ટડીમાં કેદ રહેવા સારૂ મોકલી આપી સદરી આરોપીને પકડવા સારૂ નારોલ પોલીસ સ્ટેશન તથા રાજસ્થાન કુશલગઢ તથા ભરૂચ દહેજ પો.સ્ટે. ના કોમ્યુનિકેશન આધારે સદરી આરોપીને પકડી પાડી પ્રસંશનીય કામગીરી કરેલ છે.